# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-06-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર વિરલ રાણા વાંચે છે.

---

## પીએમ.-મધ્યપ્રદેશ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું- સરકારે મહિલા-નેતૃત્વ વિકાસને રાષ્ટ્રીય પ્રગતિનો પાયો બનાવ્યો છે અને મહિલાઓ દરેક મહત્વની સરકારી પહેલના કેન્દ્રમાં છે. ગઇકાલે ભોપાલના જાંબુરી મેદાન ખાતે લોકમાતા દેવી અહિલ્યા બાઈની 300મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત મહિલા સશક્તિકરણ મહા સંમેલનને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે પહેલગામમાં થયેલો આતંકવાદી હુમલો ભારતની મહિલા શક્તિ માટે એક પડકાર હતો અને ગુનેગારો માટે મૃત્યુદંડ સાબિત થયો છે.**

**શ્રી મોદીએ 124 એકરમાં 60 કરોડના ખર્ચે બનેલા દતિયા હવાઈમથક અને અંદાજે 37 કરોડ રૂપિયાના ખર્ચે નવા બનેલા સતના હવાઈમથકનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. તેમણે ઇન્દોરમાં મેટ્રો ટ્રેનના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન પણ કર્યું અને એક હજાર 271 નવા અટલ ગ્રામ સેવા સદન ભવનોના નિર્માણ માટે પ્રથમ હપ્તો પણ રજૂ કર્યો. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ લોકમાતા દેવી અહિલ્યા બાઈને સમર્પિત ટપાલ ટિકિટ અને ૩૦૦ રૂપિયાનો સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો.**

**-----------------------------------------------------------------------------------------**

## વિક્રમ મિશ્રી: યુએસ વીઝીટ

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ વોશિંગ્ટન ડીસીની મુલાકાત દરમિયાન અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ ઉચ્ચ-સ્તરીય મુલાકાત કરી હતી. આ દરમિયાન, શ્રી મિશ્રીએ યુએસ ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ, ક્રિસ્ટોફર લેન્ડૌ સાથે મુલાકાત કરી હતી, જેમાં બંને પક્ષોના

દ્વિપક્ષીય કાર્યસૂચીની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું કે ટેકનોલોજી, વેપાર અને પ્રતિભા 21મી સદીમાં ભારત-અમેરિકા ભાગીદારીને આકાર આપનારા મુખ્ય સ્તંભો હશે. સંરક્ષણ નાયબ સચિવ, સ્ટીવ ફીનબર્ગ અને નીતિ વિભાગના ઉપ સચિવ, એલ્બ્રિજ કોલ્બી સાથેની મુલાકાતોમાં, બંને પક્ષોએ મજબૂત અને ભવિષ્યલક્ષી સંરક્ષણ ભાગીદારી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

---------------------------------------------------------------------------------------

## <u>ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ</u>

**રાજ્યભરમાં સિવિલ ડિફેન્સની ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ ગઇકાલે યોજાઇ હતી. ગુજરાતના તમામ જિલ્લાઓમાં સાંજે 5 કલાકે નાગરિક સંરક્ષણ કવાયત ઓપરેશન શિલ્ડનું આયોજન કરવામાં આવ્યું. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડોકટર જયંતિ રવિ અને સિવિલ ડિફેન્સ ડીજીપી શ્રી મનોજ અગ્રવાણે ઓપરેશન શિલ્ડ સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું. આ મોકડ્રીલમાં સિવિલ ડિફેન્સ ફાયર, આરોગ્ય વિભાગ, પોલીસ, ફોરેસ્ટ, ઉર્જા, રોડ અને બિલ્ડીંગ, એનસીસી, એનએસએસ, શિક્ષણ સહિતની એજન્સીઓ સહભાગી થઇ..**

---------------------------------------------------------------------------------------

## <u>મોકડ્રીલ-કચ્છ</u>

કચ્છ, બનાસકાંઠા, પાટણ સહિતના કેટલાક જિલ્લામાં ગઇકાલે "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાઇ હતી. જિલ્લા મથક ભુજના મિલિટરી સ્ટેશન ખાતે અન્વયે કવાયત હાથ ધરાઇ હતી. મોકડ્રીલ અંતર્ગત મિલિટરી સ્ટેશનમાં રહેણાક ક્વાર્ટર્સ પર સ્વોર્મ ડ્રોન હુમલા બાદ નાગરિકોને સલામત સ્થળે ખસેડવાથી લઇને ઘાયલ નાગરિકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. મોકડ્રીલમાં યુધ્ધ વખતની સ્થિતિમાં બચાવ કઇ રીતે કરવો તેનું અભ્યાસ કરાયૂં હતું. સાંજે 4-30થી 6-30 વાગ્યા સુધી `ઓપરેશન શિલ્ડ અભ્યાસ' અન્વયે યોજાયેલી મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ કોઈ પણ પ્રકારના હવાઈ હુમલાની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત

રાખવા અને અસરકારક નાગરિક સંરક્ષણ સુનિશ્ચિત કરવાનો હતો. મોકડ્રીલ અંતર્ગત રાત્રે 8થી સાડા આઠ દરમિયાન બ્લેકઆઉટ કરવામાં આવ્યો હતો. મોકડ્રિલ બાદ સ્મૃતિવન ખાતે યોજાયેલાં ડી-બ્રાફિંગમાં નાગરિક સંરક્ષણ દ્વારા લોકોને સ્વ-બચાવની જાણકારી આપવામાં આવી હતી. આર્મી/હોમગાર્ડ બોર્ડર વિંગ કોન્વોયને સલામત રીતે ટ્રાફિક મેનેજ કરીને પસાર કરવાની એક્સરસાઇઝ અંતર્ગત રૂદ્રમાતા બ્રીજ ખાતે પણ મોકડ્રિલ યોજાઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર તથા તમામ સુરક્ષા એજન્સીઓ મોકડ્રિલમાં જોડાઇ હતી.

-------------------------------------------------------------------------------------------

## કૃષિ સંકલ્પ અભિયાન: કૃષિ મંત્રી

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે વિકાસિત કૃષિ સંકલ્પ અભિયાન એક જન આંદોલન છે જે ખેડૂતોને મૂલ્યવાન માહિતી પૂરી પાડે છે. વિવિધ રાજ્યોના ધારાસભ્યો સાથે વર્ચ્યુઅલી વાતચીત કરતા શ્રી ચૌહાણે કહ્યું કે આ અભિયાન હેઠળ ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવશે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે. શ્રી ચૌહાણે કહ્યું કે અત્યાર સુધીમાં 2 હજાર 170 ટીમોએ 7 હજારથી વધુ ગામડાઓની મુલાકાત લીધી છે. લગભગ 7 લાખ 95 હજાર ખેડૂતો આ અભિયાનમાં જોડાયા છે..

-------------------------------------------------------------------------------------------

## કૃષિ રથ યાત્રા: મુન્દ્રા

**મુન્દ્રા તાલુકાના કણઝરા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખરીફ કૃષિ રથ યાત્રાના પ્રસ્થાન માટે ખેડુત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 200થી વધુ ખેડૂતો ઉત્સાહભેર ભાગ લીધો હતો. માંડવી-મુન્દ્રાના ધારાસભ્ય અનિરૂધ્ધ દવે દ્વારા ખેડુતોને ખેતીના વિકાસ માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિકો નવી પરંપરાગત ગાય આધારીત ટેકનોલોજી અપનાવવા અનુરોધ કરાયો હતો. આ કૃષિ રથયાત્રા મુન્દ્રા, માંડવી, ગાંધીધામ, નલિયા, લખપત તાલુકામાં આગામી તા. 12મી જુન સુધી ફરશે. .**

-------------------------------------------------------------------------------------------

## સાઇકલ : તિરંગા રેલી

**ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાઇકલની 25મી આવૃત્તિ ખાસ તિરંગા રેલી તરીકે ઉજવવામાં આવશે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવીયા નવી દિલ્હીમાં 1200 સાઇકલ સવારોનું નેતૃત્વ કરશે. અભિનેત્રી સર્વરી, યોગેશ્વર દત્ત, સુધા કરીમ હાજર રહેશે.**

**------------------------------------------------------------------------------------------**